# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM TWO YEARS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના શાસનના આવતીકાલે બે વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે.. ભૂપેન્દ્ર પટેલે 12મી ડિસેમ્બર 2022ના રોજ  રાજ્યની ધૂરા સંભાળી હતી.. વિકસિત ગુજરાતની દિશા નિશ્ચિત કરતા ‘જ્ઞાન’ આધારિત કાર્યક્રમો યોજાશે. આ ઉજવણી વિવિધ સેવાકીય કાર્યક્રમો સાથે કરવામાં આવશે. અમદાવાદમાં શ્રમિક અન્નપૂર્ણાના કેન્દ્રના ઉદઘાટન સાથે આ કાર્યક્રમોનો આવતીકાલથી પ્રારંભ થશે.

--------------

## DIVYANG AWARD

ગુજરાતમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરની કચેરીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂના હસ્તે સર્વશ્રેષ્ઠ ‘રાજ્ય દિવ્યાંગજન આયુક્ત' વર્ષ ૨૦૨૪ એવોર્ડ  એનાયત કરાયો હતો.

ગુજરાતમાં દિવ્યાંગજનોના અધિકાર અધિનિયમ ૨૦૧૬ના ઉતકૃષ્ઠ અમલીકરણ માટે આ એવોર્ડ એનાયત થયો દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનર વી. જે. રાજપૂતે આ એવોર્ડ સ્વીકાર્યો હતો..

દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરની કચેરી દિવ્યાંગ વ્યક્તિઓ માટે ‘ડિમ્ડ સિવિલ કોર્ટ’ તરીકે કામ કરે છે. દિવ્યાંગ વ્યક્તિઓની સુવિધા માટેની આ કોર્ટ દ્વારા ઓફલાઈન તેમજ ઓનલાઇન એમ બંને રીતે કેસની

સુનાવણી હાથ ધરવામાં આવે છે. આ કચેરી દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૧ હજાર ૯૬ કેસનો નિકાલ કરવામાં આવ્યો હોવાની માહિતી કમિશ્નર વી.કે.રાજપૂતે આપી હતી.

(બાઇટ- વી કે રાજપૂત, કમિશનર)

--------------

## CM PAUSTIK AHAR YOJNA

રાજ્યમાં 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' નો આરંભ કરવામાં આવ્યો છે, ત્યારે રાજકોટ જિલ્લામાં કલેકટરના હસ્તે બાળકોને પૌષ્ટિક નાસ્તો પીરસીને આ યોજનાનો આરંભ કરાવાયો હતો.

જિલ્લાની માધાપર પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહી કલેકટરે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ જિલ્લામાં ૮૭૫ કેન્દ્રો ખાતે નાસ્તો તૈયાર કરી બાળકોને પીરસવામાં આવશે. જેનો આશરે ૧ લાખ ૩૦ હજાર બાળકોને લાભ મળશે.

મહેસાણા જિલ્લામાં પણ મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓમાં બાળવાટિકાથી ધોરણ 8 સુધીના વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી પોષણ યોજના મધ્યાહ્ન ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર અપાશે, જેમાં સિંગચણા, ચણા ચાટ, મિક્સ કઠોળ ચાટ, સુખડી અપાશે. જિલ્લાના 1 લાખ 69 હજાર વિદ્યાર્થીઓને અલ્પાહાર માટે 2 કરોડ 50 લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવાઈ છે.

--------------

## TAPI VIJ SAPTAH UJAVANI

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમિટેડ દ્વારા તાપી જિલ્લાના વ્યારા ખાતે વીજ કંપનીના કર્મચારીઓ સાથે સલામતી જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

"આપણે સલામત તો પરિવાર સલામત", ની સમજ આપવા સાથે આ ઉજવણી કરવામાં આવી હતી, તેમ સુરત ગ્રામ્ય ડીજીવીસીએલના અધિક્ષક ઇજનેર ડી.સી.મહાલાએ જણાવ્યું હતું.

**બાઈટ- ડી.સી.મહાલા (અધિક્ષક ઈજનેર, સુરત ગ્રામ્ય દીજીવીસીએલ)**

-----------------------

## Bhavnagar- MEDIA HEALTH CAMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'ફિટ ઇન્ડિયા- ફિટ મીડિયા' વિઝન અંતર્ગત ભાવનગર ખાતે ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ

યોજાયો. જેમાં પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયાના ૧૦૭ મીડિયાકર્મીઓએ મેડિકલ ટેસ્ટ કરાવી હેલ્થ સુરક્ષા સુનિશ્ચિત કરાવી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આર. કે. મહેતાએ જણાવ્યું  હતું કે, પત્રકારો સતત પરિશ્રમ કરતા હોય છે, તેમની સ્વાસ્થ્ય સુરક્ષા પણ અગત્યની છે, એટલા માટે જ  રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

--------------

## DANG MAHILA SHIBIR

ડાંગ જિલ્લાના આહવા ખાતે "કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામાણી અધિનિયમ-૨૦૧૩" અંતર્ગત એક દિવસીય કાયદાકીય સેમિનાર યોજાયો હતો.

મહિલા અને બાળ અધિકારીની કચેરી આહવા ડાંગ તથા આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમની સયુંકત ઉપક્રમે યોજાયેલી આ શિબિરમાં મહિલાઓને કામકાજના સ્થળે થતી સતામણી સાથે રક્ષણ આપવા અંગેની કાયદાકીય જોગવાઇઓની સમજ અપાઇ હતી.. આ ઉપરાંત શરીર દ્વારા, શબ્દો કે ઇશારા વગેરે દ્વારા કરેલા કોઇ પણ પ્રકારનો અનિચ્છનીય જાતીય વ્યવહાર- વર્તણૂક એ જાતીય સતામણીમાં સમાવેશ થાય છે, અને કલમ-૩ ઉપરાંત કલમ-૪ અને કલમ-૪(૨) ની કાયદાકીય માહિતી આપવામાં આવી હતી.

-------------------------------------

## Mehsana- Pashupalan Shikshan Shibir

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ અને પ્રદર્શન મોટી દાઉ ગામ ખાતે યોજાયું હતું. જેમાં પશુપાલન વિભાગની વિવિધ સહાયકારી યોજનાઓના પેમેન્ટ ઓડર અને મંજૂરી હુકમનું વિતરણ પણ કરાયું હતું.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે વૈજ્ઞાનિક ઢબે પશુપાલન વિશે માહિતી અપાઈ હતી. અને આ શિબિરમાં મહેસાણા, બહુચરાજી તાલુકાના પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા. પશુઓમાં ઉત્પાદકતા વધારવા અંગેની આધુનિક ટેકનોલોજી, મેનેજમેન્ટ તેમજ પશુપાલકોને મુંઝવતા પ્રશ્નોની માહિતી અને માર્ગદર્શન અપાયું હતું. આ શિબિરમાં જિલ્લા પંચાયતના પ્રમુખ બહુચરાજીના ધારાસભ્ય સુખાજી ઠાકોર તેમજ પશુપાલન વિભાગના નિયામક સહિત તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.

-------------